# પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા તા.૨૫ જુન, ૨૦૧૫ ના રોજ આધુનિક ટેક્નોલોજીના સમન્વયથી નાગરિકોનું જીવનધોરણ સુધારવા માટે સ્માર્ટ મિશન પ્રોજેક્ટ અમલીકરણની જાહેરાત કરવામાં આવેલ. જે અંતર્ગત ભારતનાં ૧૦૦ શહેરોને સ્માર્ટ સીટી મિશન હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. સ્માર્ટસીટી મિશન હેઠળ ભારત સરકાર દ્વારા ૧૦૦ શહેરોની જાહેર કરેલ યાદીમાં ગુજરાત રાજ્યનાં ૬ (છ) શહેરોમાં અમદાવાદ શહેરનો પણ સામાવેશ કરવામાં આવેલ છે.

તા.૧૫-૧૧-૨૦૧૯ ના રોજ નવી દિલ્હી ખાતે ઈકોનોમિક ટાઈમ્સ ગ્લોબલ સ્માર્ટ સીટીઝ ઈન્ડીયા એવોર્ડ - ૨૦૧૯ નું આયોજન કરવામાં આવેલ. જેના ભાગ રૂપે ભારત દેશના તમામ ૧૦૦ સ્માર્ટ સીટીઝ પૈકી અમદાવાદ શહેરને **"બેસ્ટ સ્માર્ટ સીટી"** તથા **"કોમન કાર્ડ પેમેન્ટ સિસ્ટમ (જનમિત્ર કાર્ડ)"**ના એવોર્ડ્સ અમદાવાદ શહેરના માનનીય મેયરશ્રી તથા ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી (સ્માર્ટ સીટી અમદાવાદ)ને એનાયત કરવામાં આવેલ છે.

સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલપમેનન્ટ લી. દ્વારા PAN City & Area Based Development ના વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે. વિવિધ પ્રોજેક્ટ્સના ઝડપી અને સુચારૂ અમલીકરણના કારણે સ્માર્ટ સીટી મિશન દ્વારા જે તે સ્માર્ટ સીટીને રેન્કીંગ મેથોડોલોજી દ્વારા રેન્ક આપવામાં આવે છે. જેમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટના કુલ મૂલ્યની સાપેક્ષે જે તે પ્રોજેક્ટના ટેન્ડર ઈસ્યુડ, વર્ક ઓર્ડર ઈસ્યુડ, પ્રોજેક્ટ વર્ક કમ્પ્લીટેડના મૂલ્ય તેમજ ફાળવેલ કુલ ફંડની સાપેક્ષે કરવામાં આવેલ ફંડનો ઉપયોગ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને રેન્કીંગ કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા રેંકીગ અને એવોર્ડસ માટે જનભાગીદારીને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે.

સમગ્ર ભારતભરમાં નિયત થયેલ કુલ ૧૦૦ સ્માર્ટ સીટીઝમાં છેલ્લા ૩૪થી વધુ  સપ્તાહથી અને ૨૦૦ થી વધુ દિવસોથી અમદાવાદ શહેર પ્રથમ ક્રમાંકે રહેલ છે. જેને ધ્યાનમાં લેતાં અમદાવાદ શહેરને સૌથી સુવ્યવસ્થિત સ્માર્ટ સીટી અને સદર પ્રોજેક્ટ્સ મારફતે નાગરિકોને શહેરમાં સુવિધાઓ પુરી પાડવામાં અગ્રેસર એવા અમદાવાદ સ્માર્ટ સીટીને આ વર્ષ માટે **"બેસ્ટ સ્માર્ટ સીટી"** તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

અમદાવાદ સીટીએ એન.સી.એમ.સી. આધારિત ઓપન-લુપ ઈ.વી.એમ. ચીપ પ્રિપેઈડ કાર્ડને અમલમાં મૂકનાર ભારતનું સૌથી પ્રથમ સીટી છે. “જનમિત્ર કાર્ડ” નિતિ આયોગ દ્વારા “One Nation One Card” નિતિને અનુરૂપ રચાયેલ છે. આ કાર્ડનો ઉપયોગ પરિવહન (દા.ત. BRTS/AMTS/Upcoming Metro) અને બીન પરિવહન સેવાઓ (જેવી કે મિકલત વેરો, વ્યવસાયવેરો, પાર્કીંગ ચુકવણી, મનોરંજન ચાર્જીસ, જન્મ-મરણ પ્રમાણપત્ર, બીલ્ડીંગ પ્લાન વગેરે) માટે કરી શકાય છે. અત્યાર સુધી ૩.૭૦ લાખ જેટલાં જનમિત્ર કાર્ડ નાગરિકોને ઈસ્યુ કરવામાં આવેલ છે. જનમિત્ર કાર્ડનું બેલેન્સ ૧૫૮ BRTS Stations, ૮ ડેપોઝ, ૩૭૫ સર્વિસ ડીલીવરી પોઈન્ટ્સ, ૫૯ સિવિક સેન્ટર્સ તેમજ જનયાત્રા એપ મારફતે કરી શકાય છે. નાગરીકો દ્વારા અ.મ્યુ.કો.ની વેબસાઈટ પરથી નેટ બેન્કીંગ, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ વગેરેથી પેમેન્ટ કરવાની સુવિધા, જનમિત્ર કાર્ડ અને AMC Seva મોબાઈલ એપ્લીકેશન વડે પેમેન્ટની સુવિધા વગેરે જેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે.

અ.મ્યુ.કો.ની પ્રોપર્ટી ટેક્ષ, પ્રોફેશનલ ટેક્ષ તથા જન્મ-મરણ સર્ટીફિકેટ વગેરે સેવાઓ ઓનલાઈન સ્વીકારવામાં આવી રહેલ છે. હાલ ICICI Bank ની ૪૭ જેટલી શાખાઓમાંથી પણ પ્રોપર્ટી ટેક્ષ અને પ્રોફેશનલ ટેક્ષ કલેક્શન શરૂ થયેલ છે. આગામી સમયમાં અ.મ્યુ.કો.ની અન્ય સેવાઓ ગુમાસ્તાધારા સર્ટી, બીલ્ડીંગ પ્લાન, ફાયર NOC, સ્વીમીંગ પુલ, જીમ્નેશીયમ, પ્રોફેશનલ ટેક્ષ વગેરેના ફોર્મ્સ ઓનલાઈન તથા પેમેન્ટ થવા ટુંક સમયમાં શરૂ થનાર છે.

જનમિત્ર કાર્ડના ઉપયોગથી પરિવહન અને બિનપરિવહન સેવાઓના ડીજીટલ ટ્રાન્ઝેક્શન દ્વારા ચુકવણું કરવા બદલ નાગરિકોને નિયત કરેલ ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. જેના પરિણામે અમદાવાદ શહેરના નાગરીકો દ્વારા તેઓના તમામ અ.મ્યુ.કો.ને લગતા પેમેન્ટ વેબસાઈટ, એ.એમ.સી. સેવા, જનયાત્રા એપ, નેટ બેન્કીંગ, ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ મારફતે ડિજીટલ ટ્રાન્ઝેક્શનના માધ્યમથી  કરવામાં આવતાં ચુકવણાંમાં નોંધપાત્ર વધારો નોંધાયેલ છે.

અમદાવાદ શહેરના નાગરિકોને મળતા લાભો તેમજ અત્રે જણાવેલ વિગતોના સંદર્ભમાં ધ્યાનમાં લેતાં સ્માર્ટ સીટી અમદાવાદના “**કોમન કાર્ડ પેમેન્ટ સિસ્ટમ (જનમિત્ર કાર્ડ)**” પ્રોજેક્ટને એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે. જે સમગ્ર અમદાવાદ શહેર માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે.